ડીસાના ગલાલપુરા પાટીયા પાસે અલ્ટો કાર અને ટ્રેકટર વચ્ચે ગમખ્વાર અકસ્માત : બેનાં મોત

ડીસા, તા. ૭

ડીસા તાલુકાના ગલાલ પુરાના પાટીયા પાસે ડીસાથી ધાનેરા જતા રોડ પર ગતરાત્રીના નવ વાગ્યાના આસપાસ એક અલ્ટો કાર અને ટ્રેકટર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં અલ્ટો કારમાં સવાર રોંગસાઈડમાં આવી અલ્ટો કારને જોરદાર ટર મારી હતી જેથી અલ્ટો કારનો ખુરદો બોલી ગયો રાત્રીના નવેકવાગ્યાના સમયે આ અકસ્માત સર્જાતા આજુબાજુના સ્થાનીકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.જેમાં પુનામારામ ખેતારામ ચૌધરીનો ગંભીર

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

રાજસ્થાનના સાંચોર નજીકના બે ઈસમોને ગંભીર ઈજાઓ થતાં બંનેનુ કરૂણ મોત થયુ હતુ આ મામલે ડીસા તાલુકા પોલીસે ટ્રેકટર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ ગમખ્વાર અકસ્માતની વિગતો જોઈ તો રાજસ્થાનના સાંચોર તાલુકાના પરવાળા ગામે રહેતા પુનમારામ ખેતારામ ચૌધરી ઉ.વ. ૩૦ તેમજ કરશનભાઈ રામજીભાઈ ચૌધરી ઉ.વ. ૩૦વાળાઓ કામકાજ અર્થે નવી નંબરની અલ્ટોકાર લઈ ડીસા આવ્યા હતા. જેઓ પોતાનું કામકાજ પતાવી પરત રાજસ્થાન જવા રવાના થયા હતા આ બંન્ને ઈસમો તેમની અલ્ટો કાર લઈ ડીસાથી ધાનેરા જતા રોડ પર ગલાલ પુરાના પાટીયા નજીક આવતા સામેથી જોનડીયર કંપનીનું ટ્રેકટરમાં સીમેન્ટની ઈંટો ભરી લઈ આવતા ટ્રેકટર ચાલકે ગફલતભર્યા ડ્રાઈવીંગે ઈજાઓએ ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ હતુ.

જ્યારે તેમનો સાથીદાર કરશનભાઈ ચૌધરી લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બયુલન્સ વાન મારફતે ડીસાની સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા જો કે સારવાર દરમ્યાન તેઓનું પણ કરૂણ મોત થયુ હતુ આમ થયેલ અકસ્માતમાં પરપ્રાંતીય બે આશાસ્પાદ યુવકોના કરૂણાતાએ મોતના બનાવની જાણ ડીસા તાલુકા પી.આઈ. બી.આઈ.પાટીલને થતા તેઓ તેમજ હેડ કોસ્ટેબલ વિહાજી રાઠોડ સહીતના પોલીસ કર્મીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા જેઓએ હાઈવે રોડ ખુલ્લો કરાવી બંન્ને મૃતકોના પી.એમ. કરાવ્યા હતા. આ અકસ્માતમાં સેવાભાવી મનુભાઈ આશનાની દ્વારા મૃતકોના શવ રાજસ્થાન ખાતે તેમના પરીવારજનોને પહોંચાડવાની માનવતાવાદી કામગીરી કરાઈ હતી.

ડીસાની આદર્શ સ્કૂલ પાસે હીટ એન્ડ રન : તસ્કરે જીપથી મચાવ્યો આતંક

વિજપોલ તૂટી પડતાં લાખોના ઉપકરણો બળીને ખાખ

ડીસા, તા. ૭

ડીસાની આદર્શ સ્કુલ પાસે આવેલ શ્રમજીવી વિસ્તારમાં રાત્રી સમયે પડેલ એક જીપ ગાડીને અજાણ્યા શખ્સોએ ચોરીના ઈરાદે ડુપ્લીકેટ ચાવીથી ચાલુ કરી ભગાડી હતી જો કે રાત્રી સમય હોઈ અને ચોરી કરનાર ઈસમે આડેધડ જીપ ગાડી હંકારતા બાજુમાં જ આવેલ એક મકાનની દિવાલ તુટી પડી હતી અને આ મકાનમાં રહેતા દેવીપુજક પરીવાર દંપતીનો મકાનની દિવાલ વચ્ચે આવતા આબાદ બચાવ થયો હતો.

એટલુ જ નહી તે બાદ આજે જીપ ચાલકે હીટ એન્ડ રન સમાન ડ્રાઈવીંગ કરી ભાગવાના પ્રયાસે એક રીક્ષાને ટક્કર મારી હતી અને તે બાદ સામે આવતા વીજ પોલને પણ ટક્કર મારતા વીજળીનો થાંભલો ધરાશાઈ થયો હતો. આ વીજ થાંભલો તુટી પટકાતા વીજ વાયરોમાં શોટશર્કીટ સર્જાઈ હતી અને આ શોટસર્કીટ સર્જાતા સમગ્ર વિસ્તારમાં અંધકાર પટ છવાયો હતો. જો કે શોટસર્કીટ સર્જાતા વીજ પ્રવાહ સાથે જોડાયેલા ઉપકરણો બળીને સ્વાહા થઈ ગયા હતા અને આ વિસ્તારના સ્થાનીકોને

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

લાખોનું નુકશાન થયુ હતુ. હીટ એન્ડ રનનો બનાવ સર્જનાર અજાણ્યો તસ્કર તે બાદ ફરાર થઈ ગયો હતો. આ મામલે ડીસા શહેર પોલીસે ધોરણસર તપાસ હાથ ધરી છે

જેની ઉપરોક્ત વિગતો ડીસાની આદર્શ સ્કુલ પાછળ રહેતા શ્રમજીવી વિસ્તારમાં રામજીભાઈ રાવજીભાઈની જીપ ગાડી કામકાજ અર્થે લવાઈ હતી જેનો ચાલક રાત્રીએ આ જીપ ગાડી મુકી રમઝાન મહીનો હોઈ ઈબાદત કરવા જુનાડીસા મુકામે ગયો હતો. જો કે તે દરમ્યાન રાત્રે કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરવાના ઈરાદે આ વિસ્તારમાં આવ્યા હતા અને જીપ નંબર જી.જે. ૧ એફ.એફ. ૮૩૫૦ માં ડુપ્લીકેટ ચાવી લગાવી આ જીપને ભગાડી હતી. અજાણ્યા તસ્કરે અફડાતફડીના માહોલમાં જીપને બાજુના એક ઘરની દિવાલ સાથે ટકરાવી હતી જેનાથી મકાનની દિવાલ તુટી પડી હતી. આ મકાનમાં દેવીપુજક વિહાભાઈ અને તેમની પત્ની રહેતા હતા. દિવાલ તુટી પડતા તેઓ સફાળા જાગ્યા હતા અને બુમા બુમ કરતા આજુબાજુના રહીશો પણ દોડી આવ્યા હતા. જે જોઈ જીપ લઈ ભાગેલ તસ્કરે જીપને દોડાવી હતી. જો કે વચ્ચે એક ઓટો રીક્ષા આવતા તે પણ અકસ્માતગ્રસ્ત બની હતી. આ જીપચાલકે તે બાદ ભાગવા જતા જીપ વીજપોલ સાથે અકસ્માતે અથડાઈ હતી. જીપની ટક્કરે વીજ થાંભલો તુટી પડયો હતો. જેનાથી શોટસર્કીટ સર્જાઈ હતી અને આગના તણખા નીકળતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

આ શોટસર્કીટે તે બાદ વીજપ્રવાહ સાથે જોડાયેલા સ્થાનીકોના ટીવી, પંખા, ટયુબ, રેફ્રીજરેટર, એ.સી., કોમ્પ્યુટર, સહીતના વીજ ઉપકરણો શોટસર્કીટના હાઈ વોલ્ટેજના સંપર્કથી બળીને ભસ્મીભુત થયા હતા અને તે રીતે સ્થાનીકોને લાખોનું નુકશાન પહોંચ્યુ હતુ. મોડી રાત્રે અને પોલીસ વસાહતથી માંડ વીસ મીટર દુર બનેલ આ બનાવથી આજુબાજુની સ્વસ્તીક, કુમારપાળ, વિશ્વશાંતી, આદર્શ, પીપાજી નગર, ગુલબાણી નગર, સહીતના વિસ્તારોમાં રહેતા લોકામાં દોડધામ મચી હતી. ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરનાર અજાણ્યા શખ્સ તે બાદ ભાગી છુટયો હતો.

પ્રાંતિજ કોર્ટે બોગસ બાનાખત કરનાર બે ઈસમોને સજા ફટકારી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના ગૌચરની જમીનના બોગસ દસ્તાવેજ પોતાના નામના ઉભા કરી અને ખાતેદારોની બનાવટી સહીઓ કરી બસો હેક્ટર જમીનના બાનાખત સંદર્ભનો કેસ પ્રાંતિજની કોર્ટમાં ચાલી જતાં બેઈસમોને સજા ફટકારાતા કોર્ટ સંકુલમાં હાજર લોકોમાં સન્નાટો ફેલાઈ ગયો હતો.

મોયદ ગામની ગૌચરની જમીન ૧૭૦૧ પૈકીની જમીન ખેતીની ૨૦૦ હેક્ટર જમીનમાં બાબુજી રાઠોડ નામના ઈસમે ૭,૧૨,૮અ, જમીનને લગતા કાગળો કઢાવી બાજુની જમીનના ખાતેદારો સદર જમીનમાં બનાવી બોગસ દસ્તાવેજો ઉભા કરી ૧૭૦૧, ૧૭૦૨ના ઉતારા ઉભા કરી આનંદપુરા તા. વિજાપુરના વિનોદભાઈ માધાભાઈ પટેલ સાથે મળી બાનાખાત બનાવતા આ વાત જાહેર થતા પંચાયત દ્વારા તાલુકા પંચાયત પ્રાંતિજને જાણ કરતાં તા. ૧૩-૩-૨૦૧૦ના રોજ તાલુકા પંચાયત દ્વારા પોલીસ ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશને કરવામાં આવી હતી.

પ્રાંતિજની કોર્ટમાં ગૌચરનો કેસ જજ જે.જે. ભટ્ટની કોર્ટમાં ચાલતા સરકારી વકીલ શ્રીમતી બી.કે. ચૌધરી દ્વારા ધારદાર રજૂઆતો અને પુરાવા રજૂ કરતા નામદાર કોર્ટે તા. ૭-૮-૨૦૧૨ના રોજ ચુકાદો આવતા બાબુજી રાઠોડને કલમ ૪૦૨માં ૩ વર્ષની, ૪૬૫, ૨ વર્ષની, ૪૬૭ ૩ વર્ષની, ૪૬૮ ૩ વર્ષની, ૪૭૧ ૨ વર્ષની, ૨૦૧ માં ૩ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે અને દસ હજારનો દંડ ફટકાર્યો છે. અને બંને આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો હૂકમ કર્યો છે.

ગૌચરો વેચવાનું કૌભાંડ માલધારી સમાજ સાંખી નહી લે : રાષ્ટ્રીય સંગઠન મંત્રી

ડીસા, તા. ૭

ગુજરાતમાં સરકાર દ્વારા ગૌચરોની જમીન ઉદ્યોગપતિઓને આપી દેવાનું કૌભાંડ ચાલી રહ્યું છે જે હવે માલધારી સમાજ સાંખી નહી લે તેમ રવિવારે થરા ખાતે અખિલ ભારતીય પાલ મહાસભાની જિલ્લા કારોબારી બેઠકમાં પાલ મહાસભાના રાષ્ટ્રીય સંગઠન મંત્રીએ જણાવ્યું હતું.

અખિલ ભારતીય પાલ મહાસભા બનાસકાંઠા જિલ્લાની કારોબારી બેઠક રવિવારે થરા માર્કેટયાર્ડ હોલમાં અખિલ ભારતીય પાલ મહાસભાના રાષ્ટ્રીય સંગઠન મંત્રી મફાભાઈ દેસાઈ (ડાભી), રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ખેમરાજભાઈ, ગુજરાતના અધ્યક્ષ ઘનશ્યામભાઈ સાવધારીયા, ઉપપ્રમુખ કલ્યાણભાઈ દેસાઈ (ચાંગા), જિલ્લા પ્રમુખ અરજણભાઈ દેસાઈ (ઉણ), ઉપપ્રમુખ જીવરાજભાઈ આલ (ઉમેદપુરા), જિલ્લા મંત્રી વિરભણભાઈ દેસાઈ (થરા), જામાભાઈ દેસાઈ (વડા) તેમજ કાંકરેજ તાલુકા પ્રમુખ રામજીભાઈ દેસાઈ (આકોલી) અને મંત્રી જોરાભાઈ દેસાઈ (કુડવા), ડીસા દેસાઈએ અધ્યક્ષ ઘનશ્યામભાઈ

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

તાલુકા પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ તેમજ પાલ મહાસભા બનાસકાંઠાના મિડીયા કન્વીનર બાબુભાઈ દેસાઈ-ભોંકુ (ડીસા) સહિત પાલ મહાસભાના અગ્રણીઓની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. કાર્યક્રમના પ્રારંભે ભુવાજી બબાભાઈ દેસાઈ (લીંબાળા) અને ભુવાજી ચેહરાભાઈ દેસાઈ (ચાંગા) એ આશિર્વચન પાઠવ્યા હતા. જિલ્લા પ્રમુખ અરજણભાઈ સાવધારીયાનું વિશેષ સન્માન કર્યુ હતું. આ પ્રસંગે પાલ મહાસભાના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, પાલ મહાસભા દ્વારા માલધારી સમાજના ઉત્થાન માટે કાર્ય કરવામાં આવી રહ્યા છે. જેમાં હવે પછી માલધારી સમાજને ક્યાંય પણ અન્યાય થશે તો માલધારી સમાજ તેનો વળતો જવાબ આપશે.

હિંમતનગરમાં સફાઈ કામદારને મારતા બે વિરૂદ્ધ એટ્રોસીટીની ફરીયાદ

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારના ગાયત્રી મંદિર માર્ગ પર આવેલ ઓમ કોમ્પ્લેક્ષ આગળ બે દિવસ પહેલા સવારના સમયે સફાઈ કરી રહેલા સફાઈ કામદારને સફાઈ બાબતે બીભત્સ બોલી માર મારતા બે વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાયેલ હતી. વિગત મુજબ મહાવીરનગર વિસ્તારના ગાયત્રી મંદિર માર્ગ પર આવેલ ઓમ કોમ્પલેક્ષ આગળ ૬ ઓગષ્ટને સવારે ૮ વાગેની આસપાસના સમયમાં સફાઈ કામદાર દિનુભાઈ નાથાભાઈ સોલંકી પોતાની ફરજ પર કામ કરી રહ્યા હતા ત્યારે દુકાનદાર ભાવેશભાઈ અંબાલાલ પટેલ અને મુકેશભાઈ અંબાલાલ પટેલે સફાઈ કામદારને કચરો નાખવા બાબતે બોલાચાલી થયેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત શબ્દો બોલ્યા હતા અને ઝાડુથી સફાઈ કામદારને બરડાના ભાગે માર માર્યો હતો જેથી સફાઈ કામદારે હિંમતનગર ટાઉન પોલીસમથકે બે વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

બાયડમાં મેઘ મહેર થતા સ્થાનિકો રહીશો અને ખેડૂતોમાં આનંદ

બાયડ, તા. ૭

બાયડ પંથકમાં ગત રોજ અચાનક મેઘરાજાની સવારી ચાલુ થતા લોકોએ તથા પશુ-પક્ષીઓએ રાહતનો દમ લીધો હતો. બાયડમાં ગતરોજ સાંજે શરૂઆતમાં હળવા અને પછી સાંબેલાધાર વરસાદ વરસતા લોકો આનંદમાં આવી ગયા હતા. તેમજ વિજળીના કડાકા ભડાકાથી લોકો ભયભીત બની ઘરમાં પુરાઈ ગયા હતા. બાયડ ખાતે મેઘરાજાના તોફાની આગમને ધરાને થોડીક તૃપ્ત કરી છે. કપાસ શાકભાજી અને ચોમાસુ ખેતીને જીવતદાન મળ્યું છે. બજારોમાં પાણી ભરાયા હતા. ખેડૂતો ભીંજાતા ભીંજાતા ભગવાનનો પાર માનતા હોય તેમ આકાશ તરફ જોતા નજરે પડ્યા હતા.

પ્રાંતિજમાં મેઘ મહેર થતા સ્થાનિકો અને ખેડૂતો આનંદીત થઈ ઉઠ્યા

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પંથકમાં ગત રોજ અચાનક મેઘરાજાની સવારી ચાલુ થતા લોકોએ તથા પશુ-પક્ષીઓએ રાહતનો દમ લીધો હતો.

પ્રાંતિજ પંથકમાં ગતરોજ સાંજે શરૂઆતમાં હળવા અને પછી સાંબેલાધાર વરસાદ વરસતા લોકો આનંદમાં આવી ગયા હતા. તેમજ વિજળીના કડાકા ભડાકાથી લોકો ભયભીત બની ઘરમાં પુરાઈ ગયા હતા. પ્રાંતિજ ખાતે મેઘરાજાના તોફાની આગમને ધરાને થોડીક તૃપ્ત કરી છે. તેમજ કપાસ શાકભાજી અને ચોમાસુ ખેતીને જીવતદાન મળ્યું છે. બજારોમાં પાણી ભરાયા હતા. ખેડૂતો ભીંજાતા ભીંજાતા ભગવાનનો પાર માનતા હોય તેમ આકાશ તરફ જોતા નજરે પડ્યા હતા.

હિંમતનગરમાં ઉઘરાણી બાબતે ચપ્પા વડે હુમલો

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના રેલવે સ્ટેશન રોડ પર ૬ ઓગષ્ટના રોજ સાંજે ૫.૩૦ વાગેના સુમારે શહેરના ગીરધરનગર વિસ્તારની સોસાયટીમાં રહેતા વિકેશભાઈ અમરસિંહ વાઘેલાને રહીમભાઈ મુસલમાન નામના ઈસમે ઉછીના ૪૫૦ રૂ. આપ્યા હતા જેની માંગણી રહીમભાઈએ વિકેશભાઈ પાસે કરતા કહેલ કે મારી પાસે હાલ પૈસા નથી બે ત્રણ દિવસ પછી આપીશ. જેથી રહીમભાઈએ ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી રહીમભાઈએ વિકેશભાઈને પેટના ભાગે ચપ્પા વડે હુમલો કરી ઘા કરી ઈજાઓ કરી હતી. બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે વિકેશભાઈએ રહીમભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રાષ્ટ્રવાદી કોંગ્રેસના સાબકાંઠા જિલ્લા લઘુમતિના પ્રમુખ પદે મોહમંદ ઈપ્રોલીયા

મોડાસા, તા. ૭

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ સાબરકાંઠા જિલ્લા લઘુમતિ સેલના પ્રમુખ પદે જનાબ ગુલાબ મોહંમદ ઉમરભાઈ ઈપ્રોલીયા(મોડાસા)ની નિમણુંક રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી શરદ પવારની અનુમતિથી ગુજરાત પ્રદેશના પ્રભારી શ્રી પ્રફુલ્લભાઈ પટેલની સુચનાથી નિમણુંક થયેલ છે. જિલ્લામાંથી લોકોએ આવકારતાં તથા અભિનંદન પાઠવેલ છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં		
મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
અલ્તાફ શેખ	મોડાસા	૯૯૯૮૮૯૮૬૭૮
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
રમેશચંદ્ર ચોકસી	શામળાજી	૯૪૨૭૫૨૮૯૪૧
મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં		
ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન
સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬
જાહેર નિવિદા ૨૦૧૨-૧૩
સંસ્થાની નીચે મુજબની કામગીરી આઉટ સોર્સીંગથી કરાવવા માટે નીચેની શરતોને આધિન સીલબંધ ટેન્ડર ફક્ત કન્સલ્ટીંગ એજન્સીઓ પાસેથી મંગાવવામાં આવે છે.

ટેન્ડર નં.	કામગીરી વિગત
KH002	કેમ્પસની જાળવણી, બાગ બગીચાની સંભાળ તેમજ લેબર વર્ક, પરચુરણ કામગીરી માટે સેવાઓ પુરી પાડવા બાબત

૧. શરતો અને બોલીઓ સાથેનું ટેન્ડર ફોર્મ રૂ. ૫૦૦.૦૦ પ્રતિ ટેન્ડર (નોન રીફન્ડેબલ) રાષ્ટ્રીયકૃત બેંકનો "નિયામકશ્રી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન ગાંધીનગર"ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા રોકડેથી આયકર અને સર્વિસ ટેક્ષ ભર્યા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલના પુરાવા સંસ્થામાં રજૂ કર્યેથી કચેરી કામકાજના સમય ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન મળી શકશે.
૨. કોરા ટેન્ડર ફોર્મ મેળવવાની અંતિમ તારીખ : ૧૬/૮/૨૦૧૨ તથા ભરેલ સીલબંધ ટેન્ડર આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી સંસ્થામાં તા. ૨૦/૮/૨૦૧૨ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં પહોંચાડવાના રહેશે.
૩. નિયત સમય બાદ મળેલ ટેન્ડર તેમજ અધુરી અને અસ્પષ્ટ વિગતવાળા ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.
૪. કોઈપણ ટેન્ડર અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાની સંપૂર્ણ સત્તા સંસ્થાના નિયામકશ્રીની રહેશે અને તે માટે કોઈ કારણ દર્શાવવામાં આવશે નહીં.

માહિતી/૧૦૧૫/૧૨-૧૩ — નિયામક

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
"બીજ ભવન", સેક્ટક નં.૧૦-એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન નંબર : ૨૩૨૫૬૬૮૭, ૨૩૨૫૬૬૯૧
જાહેર નિવિદા
ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.,ના નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક અહેવાલ છપાવવા માટે નિગમ દ્વારા નિયત કરવામાં આવેલ ટેન્ડરની શરતોને આધિન મલ્ટીકલર ઓફસેટમાં પ્રિન્ટીંગ કામ કરતી સંબંધિત પાર્ટીઓ પાસેથી તા. ૩૦-૮-૨૦૧૨ના ૧૫.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ઉપરોક્ત સમયગાળામાં ટેન્ડર ફોર્મ ફી રૂ. ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) નિગમની વડી કચેરીની હિસાબી શાખામાં રોકડેથી જમા કરાવીને મેળવી શકાશે. ભરેલા ટેન્ડરો તા. ૩૦-૮-૨૦૧૨ના ૧૫.૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે અને તા. ૩૧-૮-૨૦૧૨ના રોજ ૧૨.૦૦ કલાકે ઉપસ્થિત ટેન્ડરરોની હાજરીમાં ખોલવામાં આવશે.
મેનેજીંગ ડીરેક્ટર